સુગમ્ય ભારત અભિયાન અંતર્ગત,અમદાવાદ,વડોદરા સુરત અને ગાંધીનગરની ઈમારતોની સુગમ્યતાની સમીક્ષા માટે એકસેસ ઓડિટની નવી બાબત.

**રૂા.૫.૦૦ લાખ**

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
**ઠરાવ ક્રમાંકઃ- અપગ/૧૦૨૦૧૬/૭૯૧૬૭/ન.બા.૧૩/છ.૧**
સચિવાલય,ગાંધીનગર.
**તારીખઃ- /૪/૨૦૧૬**

**18 APR 2016**

**વંચાણે લીધા :-**

(૧) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતુની કચેરી,ગાંધીનગરનો તા.૩/૨/૨૦૧૬ નો પત્ર ક્રમાંકઃ- સસુખા/યજન/ન.બા./૨૦૧૫-૧૬/૩૬

**ઠરાવ :-**

ભારત સરકારે વિકલાંગોના સશકિતકરણ માટે " સુગમ્ય ભારત અભિયાન" શરૂ કરેલ છે. જેનો હેતુ વિકલાંગતા ધરાવતી વ્યકિતઓને સુગમ્યતા પ્રાપ્ત કરાવવા માટે તથા તેના માટે સામુહિક જાગૃતિ કેળવવાનો છે. આ અભિયાન અંતર્ગત સુવ્યાખ્યાયિત સમયગાળાની અંદર સરકારી કચેરીઓ, હોસ્પિટલો,શાળા કોલેજ, પોલીસ સ્ટેશનો, પ્રવાસન સ્થળો, એરપોર્ટ,રેલ્વે સ્ટેશનો,બસ સ્ટેન્ડ વગેરેને સંપૂર્ણ સુગમ્ય બનાવવામાં આવશે.

ચાલુ વર્ષે સુગમ્ય ભારત અભિયાન અંતર્ગત રાજયના ચાર શહેરો અમદાવાદ, ગાંધીનગર,સુરત અને વડોદરામાં આવી ઈમારતો સુગમ્ય બનાવવા માટે પ્રથમ તબકકે સરકારી કચેરીઓ, હોસ્પિટલો, શાળા કોલેજ,પોલીસ સ્ટેશનો, પ્રવાસન સ્થળો,એરપોર્ટ,રેલ્વે સ્ટેશનો, બસ સ્ટેન્ડ વગેરેને સંપૂર્ણ સુગમ્ય બનાવવા માટે વંચાણે લીધેલ પત્ર (૧) થી નવી બાબત રજૂ કરેલ છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨/- જે અન્વયે પુખ્ત વિચારણાને અંતે ઈમારતોની સુગમ્યતાની સમીક્ષા માટે એકસેસ ઓડીટ અંગેની રૂા.૫.૦૦ લાખની આ નવી બાબતને આથી નીચેની શરતોએ સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છેઃ-

(૧) આ અંગેનો ખર્ચ તા.૧/૪/૨૦૧૬ પછી કરવાનો રહેશે. અને જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) મંજુર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની જોગવાઈ સુધારેલ અંદાજોમાં કરાવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૭) આ અંગેની વિગતવાર યોજના તૈયાર કરી સક્ષમ કક્ષાએ મંજુરી મેળવી લેવાની રહેશે.

૩/– આ અંગેનો ખર્ચ માંગણી નંબર–૯૨ (પ્લાન), પેટા મુખ્ય સદર:૦૨– સમાજ કલ્યાણ, ગૌણ સદર:૧૦૧–વિકલાંગોનું કલ્યાણ,પેટા સદર:૦૩ SCW-8– વિકલાંગો માટેની કલ્યાણ યોજના ખાતે કરવાનો રહેશે.

૪/– આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૩૧/૩/૨૦૧૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

**(એમ.એલ.ભગોરા)**
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,–

(૧) માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
(૨) સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
(૩) અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૪) નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતુ, બ્લોકનં.૧૬,ર્ડા.જીવરાજ મહેતા ભવન,જુના સચિવાલય, ગાંધીનગર
(૫) વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી,બ્લોકનં.૧૬,ર્ડા.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર
(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત,અમદાવાદ/રાજકોટ
(૭) નિવાસી ઓડીટ અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
(૮) નાણા સલાહકારશ્રી,(સા.ન્યા અને અ.વિભાગ) બ્લોકનં.૧૪,બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.

(૯) સેકશન અધિકારી,કોમ્પ્યુટરસેલ/સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ. સચિવાલય,ગાંધીનગર.વિભાગની વેબ સાઈટમાં છ–૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૦) સિલેકટ ફાઈલ

RAJ10-105-107